June 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 21 ● Issue 9 / 244
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● Email : patanmandal@gmail.com ● www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



મારા વહાલા સ્નેહીજનો,

પ્રણામ !

આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું, આપ સહુ સ્વસ્થ અને સુખી રહો તેવી શુભેચ્છા.

હૃદયનાં પાતાળકૂવામાંથી ફુટતા ઝરા પાસેથી ગણિત તો દૂર જ રહે છે. ભૂગોળના સીમાડા ભૂંસાઈ જાય છે અને ઈતિહાસ પોતાની લાખેણી જગ્યા તેના માટે અનામત રાખે છે, આ સંબંધો આદાન અને પ્રદાન વડે જીવંત રહે છે.

ઘસાઈને ઉજળા થઈએ એ તેનો પહેલો પાઠ છે. બીજાને ઉપયોગી થવામાં ધન્યતા માને છે, ત્યાં એકધારું સમર્પણ વૃક્ષ જેવું હોય છે. વૃક્ષો તેની સીઝનમાં મબલખ ફુલો ધરતીને ખોળે ધરતાં જ હોય છે અને એમ ધરતાં તેને ધરવ થતો નથી. વહેતાં રહેવું, વરસતા રહેવું અને નવું વાવેતર કરવું એ જ તેનો મુદ્રાલેખ હોય છે.

આ જ રીતે હું શ્રી પાટણ જૈન મંડળ માટે એક **"VISION & MISSION"** જોઇ રહયો છું. આપણે પણ મંડળની વિવિધ પ્રવૃત્તિઓ સાથે, વિવિધ પ્રકારની સમાજસેવા કરતાં કરતાં તન-મન-ધનથી સહાય કરીને સહુ પરિવારો માટે એક વિશાળ વટવૃક્ષનું નિર્માણ કરી રહયાં છીએ, જેની છાંવમાં બેસીને પાટણ સામાજ સુખ-શાંતિથી રહીને સહુના જીવનમાં ગમતાનો ગુલાલ કરે. **''હમ સબ સાથ રહે''**નો ભાવ રાખે. જીવન જીવવાનું બળ પૂરૂં પાડવાનો આપણો પ્રયત્ન ચાલુ જ છે.

**ગત વર્ષે ૨૦૨૫-૨૦૨૬માં** આપણે સાધર્મિકોને જે સહાય કરી છે, તેની જાણ કરતાં અમને ખુબ જ આનંદ થાય છે, આપ સર્વે પણ રાજી થશો કે આપ સહુએ આપેલું દાન સાર્થક થયું છે. માનવતાની આ જયોતનાં ભાગીદાર બનીને એક સરસ મજાનો દીપ પ્રગટાવ્યો છે. અનેક પરિવારોએ, જેઓ સહાય લઈ રહયાં છે, તેઓનાં હૃદયમાંથી આશિષ નીકળી રહયાં છે. સર્વે દાતાશ્રીઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરીને આપનાં સહિયારાં માનવસેવાનાં કામની પ્રશંસા કરી રહયાં છે.

Aarthik Sahay = 1.16 CR.
Medical Sahay = 1.14 CR.
Education Sahay and Loan = 1 CR.
Rashan Distributed = 70.lac.
Patan Siddhhem Ghyanpith.= 24 Lac.
Disha Divyang Sahay = 6 Lac.
Patan B.D.S.V.School = 12.40 Lac.
We spend all the above expenses for every year.

Cont. page 2

મારાં વ્હાલા મિત્રો ! **હવે આપ સર્વેને જાણ થઈ ને ?** કે સંસ્થા કેવી રીતે સહાય કરે છે અને એની સામે મંડળને બીજો પણ વહીવટી ખર્ચો પણ લાગે છે. **પ્રતિબિંબનો ખર્ચ પણ વધી ગયો છે.** આ બધું જોતાં **વાર્ષિક ખર્ચ 5.25 C.R**.નો થાય છે. તેથી આપણાં સમાજનાં સાધન સંપન્ન પરિવારો જો આ સાધર્મિક સહાય માટે ઉદારતા અને ખેલદિલીપૂર્વક આગળ આવીને સાથ-સહકાર આપે તો આપણાં સમાજની પ્રગતિ થતાં આર્થિક રીતે વધુ સહાય કરવા મજબૂત બનશે.

**તા. ૬ જુનનાં રોજ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ - શ્રી પાટણ જૈન મંડળ કોમ્યુનિટી હોલમાં** આપણી વિવિધ પ્રવૃત્તિઓની કમીટીનાં સભ્યોની મિટિંગ બોલાવતાં ૮૦થી વધારે સંખ્યામાં કાર્યકરો અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહયાં હતાં. આ સમયે એક **VIDEO PRESENTATION** દ્વારા **સૌરભ મેડિકલ હૉસ્પિટલ તથા લોનાવલા પ્રોજેકટ (શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ)** ની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. એ સાથે **જિનાલયનો Progress** બતાવતાં બધાં ખુશ થઇ ગયા અને પાટણ જૈન મંડળની પ્રગતી જોઈને ગૌરવની લાગણી અનુભવી. લોનાવલા જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સાથે **હોલી ડે હોમનું Inogration, 2027 December** માં કરવા માટે સહુનો અભિપ્રાય હતો. નિર્ધારીત સમયમાં કામ પૂરું કરવા માટે મારી સાથે મારી ટીમ તનતોડ મહેનત કરી રહી છે. આ સાથે સૌરભ મેડિકલ હેલ્થકેરનું નવા બિલ્ડીંગનું દશેરાએ મુહુર્ત કરવું એવી અમારી ઈચ્છા છે. પ્રથમ ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઇ સાલવીની** નિગરાનીમાં **Project** બહુ જ સારી રીતે આગળ વધી રહયો છે. નવી જગ્યામાં ફર્નિચરનું કામ ચાલુ થઇ ગયું છે.

**અનાજ વિતરણ માટેનો ૨૦૨૬-૨૭ નો** પ્રથમ હિસ્સો સાધર્મિકોને મોકલી આપ્યો છે. આ વર્ષૅથી આપણે **એક ગોળની આઇટમ** વધારીને આપીએ છીએ.**અમદાવાદ અને સુરત** ખાતે રહેતા આપણાં સાધર્મિક પરિવારોને પણ અનાજ વિતરણનું કામ ચાલુ કર્યું છે. **૨૦ લાખથી વધારે ખર્ચો આવશે તેવી ધારણાં છે. રૂ. ૨ લાખની સ્કીમમાં વધુમાં વધુ પટણીઓ લાભ લે તેવી મારી નમ્ર વિનંતી છે.**

**મેડિકલનો ખર્ચ દિવસે દિવસે વધતો જાય છે . આપણે મેડિક્લેમ ૨ લાખનો આપીએ છીએ એ ૩ લાખનો આપવાનો પ્લાનીંગ છે. ૮૦૦ વ્યકિતઓ આનો લાભ લે છે. પ્રિમિયમ વાર્ષિક ૩૦ લાખથી વધારે આવશે. આપ સહુને આગ્રહભરી વિનંતી છે કે આ મેડિકલ સ્કીમમાં રૂા. ૧ લાખમાં વધુમાં વધુ દાતાઓ લાભ લેશે.**

**“Healthy Pattni-Wealthy Pattnai”**

**આ સ્કીમમાં લાભ લઈને આપણાં જ સાધર્મિક પટણીઓને સાથ સહકાર આપી માનવધર્મ બજાવીએ.**

**તા. ૨૬/૨૭ સપ્ટેમ્બરનાં શનિ-રવી-બે દિવસ માટે નહેરૂ સેન્ટર (વર્લી) ખાતે એકઝીબિશન હોલમાં ટ્રેડફેરનું આયોજન કરવામાં આવ્યું છે.** જેની વિગતો આ અંકમાં આપવામાં આવી છે. વધુમાં વધુ પટણીઓ આમાં જોડાય જેથી આપ સહુની પ્રગતિ થાય અને જીવન સુખમય બને. આપણી ટ્રેડફેર ટીમનાં **ઉપપ્રમુખ શ્રી હિતેશભાઇ મહેન્દ્રભાઇ શાહની** આગેવાનીમાં ખૂબ જ મહેનત અને લગનથી પ્રયત્નો શરૂ થઇ ગયા છે. આપણે પ્રથમવાર બે દિવસનો ટ્રેડફેર કરી રહયા છીએ. આ તારીખની નોંધ ખાસ લેજો અને **શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઇ શાહનાં સંપર્કમાં રહેજો.** સ્ટોલનાં બુકીંગ તેમ જ અન્ય માહિતી માટે તેમનો સંપર્ક કરવા વિનંતી છે. આપનાં પ્રોડકટની માર્કેટીંગ માટે આ સારું પ્લેટફોર્મ છે.

લોનાવલા પ્રોજેકટમાં નીચે મુજબનાં લાભ બાકી છે, જેને પણ ભાવના હોય તો વધુ સમય રાહ ન જોતા તક ઝડપી લેજો. આવો અવસર ફરીથી નહી મળે.

**રૂ. ૩૧.૫૦ લાખ શ્રી પાર્શ્વયક્ષ.**

**રૂ. ૩૦ લાખ હોલી ડે હોમમાં બ્લોક માટે.**

**રૂ. ૧૫ લાખ હોલી ડે હોમમાં બ્લોક ઉપર બે નામની સ્કીમનો પણ લાભ લઈ શકો છો.**

**આ લાભ છોડવા જેવો નથી.**

**શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહને ખુબ ખુબ અભિનંદન - SMSM School ધરમપુરમાં ‘‘ડીજીટલ લાઈબ્રેરી ગીતા સાહિત્ય મંદિર’’ના ઉદ્‌ઘાટન બદલ.**

* * * * *

**‘‘ના સર પર તાજ ચાહિએ, ના દુનિયા પર રાજ ચાહિએ,**
**દીન દુ:ખીઓ કો આંસુ પોંછને વાલે કોમલ હાથ ચાહિએ...’’**

**આભાર.**



# દુ:ખ કેમ લાગે છે ?



## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**

પ્રિય મિત્રો !
પ્રણામ

**માણસને જયારથી તેનામાં બુદ્ધિનો વિકાસ થયો છે, સમજણ આવી છે. ત્યારથી ઈચ્છાઓની માળા હૃદયમાં ધારણ કરી લીધી છે. આશા અને અપેક્ષાઓનાં બે હલેસા વડે પોતાની જીવન નૈયા હંકારવા માટે તે પોતે જ પોતાનો નાવિક બની ગયો છે. માણસને સુખ, સુખ ને બસ સુખ જ જોઈએ છે. એટલે સુખની ભૂખ વધતી જાય છે.** માણસ ભૂલી ગયો છે કે સર્જનહારે દરેક માણસની શકિત કરતાં પણ વધારે અગણિત વસ્તુઓ નિ:શુલ્ક આપી છે. તેમ છતાં માણસ મંદિરે મંદિરે અઠવાડિયાનાં વાર પ્રમાણે યાચક બનીને દોડયાં જ કરે છે. ભગવાનને ખુશ કરવા રાજી કરવા મેવા, મિઠાઇ, ફળ, ફૂલોનાં દ્રવ્યો લઇને જાય છે. એક હાથેથી હું ભેટ આપું, તો બીજા હાથે તું મને ભેટ આપ, મારું મનગમતું મને મળી જાય તેવા આશીર્વાદ આપની ઇચ્છા તો છે. માગણીનો સંબંધ તો ચાલુ જ રાખે છે. અને જયાંરે તેમાં નિષ્ફળતા મળે છે, પોતાને મનગમતું મળતું નથી ત્યાંરે ઈશ્વરને ફરિયાદ કરવા માટે કંઇ જ બાકી નથી રાખતો. ઈશ્વરે મને એકલાંને પજવવામાં કશું બાકી રાખ્યું જ નથી. મારાં બધાં જ સગાં સબંધીઓ બંગલા અને મોટરગાડીમાં ફરે છે. એ તો કોઇ મંદિરમાં જતાં જ નથી, કે નથી તમને યાદ કરતાં, તો પણ સુખી છે અને હું દુ:ખી કેમ ?

**તો આ જિંદગી કેવી છે ? આપણે જેવી માનીએ તેવી.** કેમકે માણસ માત્ર સુખની શોધમાં છે. એને સુખ અને પ્રશંસાની તરસ છે, પદ, પ્રતિષ્ઠા, પૈસો જોઈએ છે તે પણ સમાજમાં તેનું નામ ધનવાનોની યાદીમાં આવે. એ જયાં જાય ત્યાં પૈસાનાં પ્રભાવથી લોકો તેને માન-પાન આપે. આગલી હરોળમાં મોખરાનું સ્થાન મળે. પણ માફ કરજો.....આવી બાબતોથી મળતું સુખ પણ કયાંરેક ક્ષણિક મળે છે. **આ સુખની કોઇ ગેરંટી નથી. સુખ કયાંરેય ખરીદી શકાતું નથી.** સુખ-દુ:ખની લાગણી એ દરેક વ્યકિતની અંગત લાગણી છે. સુખમાં રહેવું એ એક કલા છે અને વિજ્ઞાન પણ છે. સુખમાં રહેવાનાં શાશ્વત નિયમો છે જે માણસે પારખવા પડે છે.

**ઇશ્વરે માણસનું ઘડતર ધરતીને શ્રેષ્ઠ માણસ મળે, એ માટે કર્યું છે, પણ માણસને ઘડવાની પરીક્ષામાં ઈશ્વર નાપાસ થયો છે,** તેમ માની લેવાની ભૂલ નહિ કરતા. ઘણાં એવાં શ્રેષ્ઠ માણસો છે કે તેઓ એ સુખ-દુ:ખની પરવા કર્યા વગર ઈશ્વરે બતાવેલા પથ પર ચાલીને સંત, મહાત્મા તરીકે પોતોનું નિજ જીવન તો ઉત્તમ બનાવીને અન્ય નબળાં મનનાં માણસોને સુખી કરવાનાં તમામ પ્રયત્નો અને પુરુષાર્થ તો કરે જ છે. તેઓ સતત બોધ આપતાં જ રહે છે. સુખ-દુ:ખનાં ભ્રામક ખ્યાલોમાંથી બહાર આવો, આશા અને અપેક્ષાઓને છોડતાં શીખી જાવ તો સાચું સુખ મળશે. આ શ્રેષ્ઠ માનવજન્મ સુખી રહેવા અને બીજાંને સુખી કરવા માટે માટે જ મળ્યું છે. સર્વથા સહુ સુખી થાઓ, સહુનું કલ્યાણ થાઓ. તેવા આશીર્વાદ આપતાં જ રહે છે.

**સત્ય તો એ છે કે માણસે પોતે જ પોતાનું દુ:ખ જાતે જ ઉભું કર્યું છે.** જે માણસ બીજી વ્યકિતને સુખી જોઇ શકતો નથી, સતત અસંતોષ, ઇર્ષા, અદેખાઇ, વેર-ઝેર ને બદલો લેવાની ઈચ્છા રાખે છે તેને દુ:ખ જ મળે છે. તેને તેનો સ્વાર્થી સ્વભાવ નડે છે. સુખની વધારે પડતી અપેક્ષા જ એને દુ:ખી બનાવે છે. પોતાને મનગમતું ન થાય કે તે તરત જ દુ:ખી. જો આ દુનિયામાં સર્વે કરવામાં આવે તો કોઇપણ માણસ એવો તો નહીં જ મળે કે છાતી ઠોકીને કહે કે મારાં જીવનમાં કયાંરેય કોઇ દુ:ખની પળ આવી નથી. ઈશ્વરે તો માત્ર સુખ આપીને જ મોકલ્યાં છે. માણસે જાતે જ દુ:ખની લાગણી ઉભી કરી છે. પરંતુ કયાંરેક અભિશાપ લાગતું દુ:ખ સમયાંતરે સુખનું વરદાન બનીને સામે આવે છે. **માણસનું જીવન તો બારમાસી ઋતુ જેવું છે.** ઋતુઓ માણસ પાસેથી કંઇક માગે છે, તમે સાચા માણસ બનો. ઇન્સાન બનો. **સુખ-દુ:ખનાં બે પૈડાં પર આપણી ગતી છે.** તે બંને આપણાં જીવનનાં ઘડવૈયાં છે. જેમ શિલ્પીનાં ટાંકણે જ પત્થર ને પ્રતિમાનો દરજજો મળે છે એમ દુ:ખ એ આપણી પ્રતિભા નિખારતો ટાંકણો છે. સુખદુ:ખનાં આધારે જીવનની મૂલવણીના કરાય.

એક શેઠને ચાર પુત્રો હતા. એ શેઠ ઇચ્છતા હતા કે તેનાં મૃત્યુ પહેલા પુત્રો સુખ દુ:ખને પચાવી જાણે. તે માટે એક અતિ મહત્વનો પાઠ શીખી લે. એને એક વિચાર આવ્યો. ચારે પુત્રોને વારાફરતી એક શોધયાત્રા પર મોકલ્યા. દૂર દૂરનાં પ્રદેશોમાંથી એક પ્રાચીન જાજરમાન વૃક્ષ શોધવાનું હતું. પહેલો પુત્ર શિયાળામાં ગયો. બીજો વંસત સમયે, ત્રીજો ઉનાળામાં અને ચોથો સૌથી યુવાન પુત્રનો વારો આવ્યો પાનખર ઋતુમાં તેઓ સૌ સાથે પાછાં ફર્યા બાદ પિતાજી ને જણાવ્યું કે મોટા પુત્રે જોયેલું વૃક્ષ બેડોળ, વાંકુચુંકુ હતું.

Cont. page 4

બીજાએ કહ્યુ; ના, ના તેના પર તો કેટલી બધી લીલી કૂંપળો હતી. એ વૃક્ષ તો આશા અને શ્રધ્ધા સમાન હતું.

ત્રીજા પુત્ર એ કહ્યુ કે: અરે, એ વૃક્ષ તો સુગંધીદાર પુષ્પોથી લદાયેલું હતું અને કેટલું સુંદર લાગતું હતું ! આજ સુધી મેં કયારેય આટલું જાજરમાન વૃક્ષ જોયું નથી.

ચોથા પુત્રે કહ્યુ : હું મારાં એકેય ભાઇ સાથે સહમત નથી. એ વૃક્ષ તો ફળોથી ભરેલું અને તેનાં ભારથી ઝુકી ગયેલું જણાતું હતું. ભરપૂર જીવન જીવી લીધુ હોય એવી જીવંતતા અને પરિપકવતાથી સભર એ વૃક્ષ સંતુષ્ટ દેખાતું હતું.

આ બધાં પુત્રોનાં અભિપ્રાય જાણીને શેઠ બહુ રાજી થયા. તેમણે પુત્રોને સંબોધતા સમજાવ્યું કે, **''તમે બધાં તમારી દ્રષ્ટિથી સાચા છો. તમે એ વૃક્ષનાં જીવનની એક અલગ અલગ ૠતુઓ જોઈ છે. પણ માણસને એનાં જીવનમાં આવનારા આનંદ, શોક, સુખ, દુઃખ, પ્રેમની લાગણી જીવંત રાખે છે. એ જ આપણાં જીવનનાં સાચા ઘડવૈયા છે. તેનાથી ભાગી જવાની ભુલ ન કરવી.''**

**દુઃખમાં અકળાવવું નહી. સુખ સવાર જેવું છે, માગો તો ન મળે જાગો તો મળે. !!.**

**- અસ્તુ -**

## લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી રેખાબેન વિનોદચંદ્ર શાહ (વખતજીની શેરી) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા ઈસ્ટ-વેસ્ટ) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ, બાણગંગા વાલકેશ્વર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ | રૂા. ૧૧.૭૦ લાખ |

## સાચા અર્થમાં મોટા કે મહાન કઈ રીતે બની શકાય ?

**વોરન બફેટે આ બાબતમાં થોડાક જીવનના સિદ્ધાંતો બતાવ્યા છે. જે યુવા પેઢીને સોનેરી સલાહ આપી છે**

- ★ પૈસા એ માણસને નથી બનાવ્યો, માણસે પૈસાને બનાવ્યો છે.
- ★ બિનજરૂરી ભ્રામક ખ્યાલો ખંખેરીને શક્ય એટલી સાદગીથી જીવન વીતાવો.
- ★ બીજાઓ જે કહે છે તેને સાંભળો એમાંથી તમને જે સારું લાગે, જેના દ્વારા તમારી પ્રગતિ થવાની હોય તે મુજબ કરો.
- ★ બ્રાન્ડ નેમ પાછળ ન દોડતા તેમને જે ચીજ વસ્તુમાં આરામ, અનુકૂળતા અને સ્વસ્થતા રહેતી હોય તે જ ઉપયોગમાં લો.
- ★ બિન જરૂરી ખર્ચા ન કરતા, જેને વધારે જરૂર હોય તેને સહાય કરો.
- ★ તમે આજે એટલા માટે છાંયડામાં બેઠા છો કે કોઈએ વર્ષો પહેલાં વૃક્ષ વાવ્યું હતું, તમે અંદરથી જે પ્રકૃતિના હો તે પ્રમાણે જાહેરજીવન રાખો.
- ★ દંભ ના કરો તમને જેમાંથી આનંદ આવતો હોય તેમાં જ વ્યસ્ત રહો.

# દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિના બાળકો માટે યોજાયેલી પ્રેમસભર પાર્ટી

**તા. ૨૨ મે, ૨૦૨૬, શુક્રવારના હિન્દુ જીમખાનામાં શ્રી જે કે શાહના ગ્રાન્ડ સન ચિ. તનય અને ચિ. કાજોલના શુભ લગ્ન પ્રસંગે આયોજિત આ સુંદર પાર્ટીમાં** બાળકોને ખૂબ આનંદ અને મોજ-મસ્તી કરવાનો અવસર મળ્યો. સમગ્ર કાર્યક્રમ પ્રેમ, સ્નેહ અને સેવાભાવથી ભરપૂર રહ્યો.

વિશેષ આભાર **શ્રીમતી લોપાબેન, જે. કે. શાહ**ની પુત્રીનો, જેમણે બાળકો સાથે ખૂબ જ આત્મીયતાથી સમય વિતાવી સુંદર કિચન એક્ટિવિટી કરાવી અને ભાગ લેનાર બાળકોને સુંદર ગિફ્ટ આપી પ્રોત્સાહિત કર્યા.

તેમજ અમીના ૪૯મા જન્મદિવસ નિમિત્તે બાળકોને સુગંધિત પર્ફ્યુમની ભેટ આપવામાં આવી, જેનાથી બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો. આ પ્રસંગે **શ્રીમતી પ્રેમીલાબેન ભદ્રકુમાર શાહ** તથા **શ્રીમતી ભદ્રાબેન ચંદ્રકાંતભાઈ પટણી** તરફથી દરેક બાળકને રૂા. ૨૦૦/- ના કવર અર્પણ કરવામાં આવ્યા. તેમનો આ પ્રેમાળ સહયોગ બાળકો માટે આશીર્વાદ સમાન રહ્યો. તથા દર વર્ષની જેમ બાળકોને મેંગો જ્યુસ આપવામાં આવ્યો તથા **સનસાઈન ગ્રુપ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)** પણ આ પાર્ટી મા ઉપસ્થિત રહ્યા હતા અને તેમનો આર્થિક સહયોગ જે અમારું સદ્ભાગ્ય હતું સાથીઓના સહકાર, દાતાશ્રીઓના સ્નેહ અને બાળકોના નિર્દોષ સ્મિતથી આ સમગ્ર કાર્યક્રમ યાદગાર બની ગયો. સૌના સહયોગથી આ ઇવેન્ટ સંપૂર્ણપણે સફળ રહી. યાદગાર ક્ષણ તનય અને કાજલ ના લગ્ન નિમિત્તે કેક કટીંગની અદભુત ખુશીની ક્ષણ હતી.

સહકાર, સ્નેહ અને સેવાના આ સુંદર યજ્ઞમાં જોડાયેલા તમામ દાતાશ્રીઓ, સ્વયંસેવકો અને શુભેચ્છકોનો દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. આભાર અને ગૌરવની ક્ષણ

વિશેષ ઉલ્લેખ સાથે જણાવવાનું કે સ્વર્ગસ્થ **શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ શાહની** પવિત્ર સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી **દિશા ફાઉન્ડેશનને રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ)નું ઉદાર દાન** અર્પણ કરવામાં આવ્યું છે.

આ દાન માત્ર આર્થિક સહાય નથી, પરંતુ દિવ્યાંગ બાળકોના શિક્ષણ, તાલીમ, પુનર્વસન અને ઉજ્જવળ ભવિષ્ય માટે આશા અને પ્રેરણાનું અમૂલ્ય યોગદાન છે.

દિશા પરિવાર તરફથી **શ્રી રાજેન્દ્રભાઈ શાહ** અને સમગ્ર શાહ પરિવારનો હૃદયપૂર્વક આભાર અને અભિનંદન. તેમની આ ઉદારતા અનેક વિશેષ બાળકોના જીવનમાં નવી ખુશીઓ અને નવી તકોનું સર્જન કરશે.

**''દાન એ માત્ર સંપત્તિનું વિતરણ નથી, પરંતુ સંવેદના, કરુણા અને માનવતાનું શ્રેષ્ઠ સ્વરૂપ છે.''**

પાર્ટીની સફળતા માટે **શ્રીમતી હેમાબેન અને શ્રી મયંકભાઈની** મહેનતે ખરેખર ચાર ચાંદ લગાડી દીધા.

**દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ**








# ગીતા સાહિત્ય મંદિર...




**''પુસ્તકો વિના વિચાર નહિ,**
**વિચારો વિના પ્રગતિ નહિ,**
**પ્રગતિ વિના સંસ્કૃતિ નહિ.'**

જે ઘરમાં દસ સારાં પુસ્તકો ન હોય એવા ઘરમાં દીકરી આપવામાં જોખમ છે, અને એવા ઘરની દીકરી લેવામાં પણ જોખમ છે.

**- ગુણવંત શાહ.**

આ વાતને ખરા અર્થમાં **શ્રી રાકેશકુમાર** સાર્થક કરી બતાવી છે. છેલ્લાં **૧૨૭ વર્ષોથી આ સ્કૂલનું અસ્તિત્વ** જોખમમાં હતું તેવા સમયે સમાજસેવક, **જ્ઞાનપિપાસુ દાનવીર શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહને** જાણ થતાં ધરમપુર પધાર્યા અને **મા લક્ષ્મીનાં** આર્શીવાદ અને **મા સરસ્વતીની આજ્ઞા થતાં રૂ. ૮ કરોડનું દાન આપી સંપૂર્ણ સ્કૂલને પાયામાંથી નવી બનાવવાનો સંકલ્પ કરીને શિક્ષણની ઉર્જા જ્યોત પ્રજવલિત કરી છે.**

એક ઝાકળ, એક ખુશ્બુ અને એક અજવાસ લઈને **એસ.એમ.એસ.એમ.હાઇસ્કૂલ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ, શૈક્ષણિક સ્કૂલ, ધરમપુર-વલસાડ ખાતે તા. ૧૧ જૂન, ૨૦૨૬ ના, શુક્રવારનાં રોજ સવારે ૧૦ કલાકે, ગીતા સાહિત્ય મંદિર - ડિજિટલ લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ સમારોહનાં મુખ્ય મહેમાન શ્રેષ્ઠિવર્ય શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ(શાસન રત્ન) ની સાથે ઉદ્‌ઘાટન જેમનાં વરદ હસ્તે થવાનું હતું તે શ્રીમાન બિપીનભાઈ એન શાહ. ડાયરેકટર-અનુફાર્મા લિમીટેડ(એસ.કે.ગ્રુપ) શ્રીમતી ભારતીબેન શાહ(તંત્રી-શ્રી પાટણ જૈન મંડળ-પ્રતિબિંબ) તથા શ્રીમતી ભારતીબેન બિપીનભાઈ શાહનાં કરકમળો દ્વારા શાનદાર રીતે કરવામાં આવ્યું હતું. આ સમયે શ્રી અરવિંદભાઈ સી. પટેલ (ધારાસભ્ય, ધરમપુર). ડૉ. રાજેશ્રીબેન ટંડેલ (જિલ્લા શિક્ષણ અધિકારી-વલસાડ) તેમજ શાળાનાં પ્રમુખ શ્રી જીવનભાઇ આહિર, આચાર્ય શ્રી દિપકકુમાર પટેલ તથા અન્ય આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયાં હતા.**

સવારે ૮.૩૦ કલાકે વલસાડ સ્ટેશને ઉતરતાં સાથે જ શાળાની બે શિક્ષિકાઓએ ગુલાબનાં પુષ્પગુચ્છ વડે અમારૂં ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યાંથી કારમાં અમને ધરમપુર ખાતેની સ્કૂલની નજીકમાં આવેલાં દહેરાસરે દર્શન કરાવી શાળાનાં ગેટ પાસે આવતાં જ વિદ્યાર્થીઓએ બેન્ડવાજા સાથે પુષ્પપંખડીઓ દ્વારા અમારૂં અતિ આદરભાવ સાથે સ્વાગત કર્યું હતું. શાળાનાં આચાર્યશ્રીએ અત્યંત આધુનિક રીતે નવનિર્માણ પામેલી શાળા, વૈજ્ઞાનિક લેબોરેટરી, સાથે અન્ય સુવિધા સાથે સજ્જ થયેલી શાળા બતાવી તે જોઈને આનંદની લાગણી થઈ. સાવારનો ચા-નાસ્તો કર્યાબાદ **ગીતા સાહિત્ય મંદિર-ડિજિટલ લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ લાઈબ્રેરીમાં અંદાજિત ૮૫૦૦ જેટલા પુસ્તકો છે. આધુનિક ટેક્નોલોજીનો બહુ જ સારો ઉપયોગ કર્યો છે.** કમ્પાઉન્ડમાં ચારે તરફ પીવાનાં પાણીની સુવિધા કરવામા આવી છે, જ્યાં **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહની પ્રતિમા મૂકવામાં આવી છે.**

નવી શાળાનાં પ્રાંગણમાં જ **શ્રેષ્ઠીવર્ય શ્રી સેવંતીભાઈ ખેમચંદશાહ, શ્રીમતી હેમીબેન (કાંતાબેન) સેવંતીભાઈ શાહ તથા શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહની સ્મૃતિ પ્રતિમા મૂકવામાં આવી છે. ત્યાં પણ તે પ્રતિમાઓને પુષ્પમાળા પહેરાવી, પ્રાંજલ ભાવે વંદના કરી.** આ સહુ પ્રેરણામૂર્તિને ચાર ચાંદ લગાવ્યાં છે. શાળાનાં એક વિશાલ ખંડમાં આમંત્રિત મહેમાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં એક સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ત્યાં **શાલ અને દુપટ્ટો પહેરાવી અમારું સ્વાગત કરવામાં આવ્યું સાથે સ્વામી વિવેકાનંદનું પુસ્તક ભેટ આપ્યું.**

આ અવસરે **શ્રી બિપીનભાઈ શાહે તથા શ્રીમતી ભારતીબેન શાહે પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને સહુને શુભેચ્છા પાઠવી હતી.** તેમ જ બાળકોને વધુ સારી રીતે અભ્યાસ કરી, મહેનત કરી તેમનું જીવન ઉજ્જવળ બનાવવા માટે પ્રેરણા આપીને ઉત્સાહીત કર્યા હતા.

**રંગો પણ એ જ હોય છે અને પીંછી પણ એ જ છતાં રોજે રોજ તેમાંથી એક નવી સવાર દોરવાનું સ્વપ્ન...શ્રી રાકેશકુમારને આવ્યું. તેઓ સાથે વાતચીત કરતાં એમણે ખુબ સરસ મજાની વાત કરી:**

**''ડૂબતો સૂરજ જોઈને મારાં શબ્દો સૂઈ ગયા,**
**પણ! ગીતાના વિચારો જાગ્યા તો ઉજાગર થઇ ગયા....''**

**આ શાળામાં લગભગ ૨૧૦૦, પાટણમાં ૧૮૦૦ તથા શંખેશ્વરમાં ૮૦૦થી વધારે છોકરા-છોકરીઓ ભણે છે. શિક્ષકો બધાં જ વલસાડથી આવે છે. શ્રી રાકેશકુમારે ત્યાં ઉપસ્થિત સહુને જણાવ્યું કે, તેમને એજ્યુકેશન માટે વધુને વધુ દાન આપવાની પ્રેરણા તેમનાં સ્વ.ધર્મપત્ની ગીતાબેન પાસેથી જ મળી છે. શ્રી રાકેશકુમાર કે. શાહ સૌથી વધારે મહત્વ એજ્યુકેશનને આપે છે.**

**બપોરનાં સમયે ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ પટેલનાં બંગલા પાસે આવેલી એક કન્યાશાળાની મુલાકાતે ગયા હતાં.** તે પણ **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ** નાં નામથી ચાલે છે. **આ હોસ્ટેલમાં લગભગ ૨૦૦ બાલિકાઓ રહે છે.**

સમગ્ર ધરમપુર સજળનેત્રે તેઓશ્રીને બિરદાવતા અનન્ય હર્ષની લાગણી અનુભવે છે.

પાટણ છનિયા દરવાજા બહાર **શ્રી સરસ્વતી શીશુમંદિર, શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ** તરફથી આ વિદ્યા **સંકુલને રૂ.૫ કરોડની સખાવત** કરી આધુનિક ભવ્ય ભવનનું નિર્માણ કર્યું છે.**૧૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયાં છે. કે.જી. થી ધો.૧૨ સુધીનાં વર્ગો ત્યાં ચાલે છે.**

**વિદ્યાભારત ટ્રસ્ટ, શંખેશ્વર સંચાલિત શ્રી સરસ્વતી શીશુમંદિર શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ ખાતે પણ રૂા. ૨ કરોડ દાનની ગંગા વહાવી છે.**




























શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ અરિહંત ટ્રસ્ટ, પાટણ (ઉ.ગુ.)

પાટણ સાંસ્કૃતિક વિકાસ સંઘ, પાટણ (ઉ.ગુ.)

**એસ.એમ.એસ.એમ.હાઈસ્કુલ, ધરમપુર**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ શૈક્ષણિક સંકુલ**

ત્રણ દરવાજા પાસે, ધરમપુર – ૩૯૬૦૫૦








શ્રીમતી ગીતાબેન આર.શાહ

શાસનરત્ન શ્રેષ્ઠીવર્ય
શ્રી રાકેશકુમાર કે. શાહ

શ્રેષ્ઠીવર્ય
શ્રી સેવંતીલાલ કે. શાહ

શ્રીમતી હેમકુમારીબેન એસ.શાહ

SHREE PATAN JAIN MANDAL

ANNOUNCES THE MOST AWAITED

# PATAN 2026 TRADE FAIR

Connect • Trade • Prosper

## DATE: 26TH SEPTEMBER, SATURDAY
## 27TH SEPTEMBER, SUNDAY
## VENUE: NEHRU CENTRE, WORLI, MUMBAI - 18

## STRONG PILLARS OF THE 6TH TRADE FAIR 2026

**Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) Parivar(Kanasano Pado)**

**Shri Hemantbhai Kantilal Shah (Salvi) Parivar (Salvi Wado)**

**Smt. Sudhaben Dineshbhai Shantilal Shah (Pole ni Sheri)**

**Shri Rameshchandra Chhabildas Jhaveri Parivar (Manmohanjini Sheri)**

**Smt. Ashitaben Sonirbhai Sandesara Parivar (Keshusethno Pado)**

**Shri Viralbhai Rajendrabhai Champaklal Jhaveri Parivar (Manmohanjini Sheri)**

**Shri Kuntalbhai Niranjanbhai Popatlal Shah Parivar (Kanasano Pado)**

**Smt. Niranjanaben Prafulbhai Shah Parivar (Brahman Wado) (Haste. Smt. Dipaben Nileshbhai Shah)**

**Shri Sandipbhai Kirtilal Shah (Keshusethno Pado)**

## TRADE FAIR HIGHLIGHTS

- Two Day Mega Event
- Live Food Counters
- 100+ Stalls Under One Roof
- Prestigious Venue
- Ample Parking Facilities

## TRADE FAIR COMMITTEE

- Hitesh Mahendrabhai Shah
- Sanjaybhai Sudhirbhai Shah
- Bhavik Bhadreshbhai Shah
- Deveshbhai Rameshchandra Shah
- Jash Nimishbhai Salvi

## FORM COLLECTION AND SUBMISSION CENTER


**Marine Drive** - PJM,77,Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai -20, Phone : 8779161209, 22811346
**Goregoan** - PJM,85,Gurukrupa bldg, Rd no 4,Jawahar Nagar Goregaon(W),Mumbai -104,Phone :9076242381
**Dahisar** - PJM,Vardhaman co-op Housing Society,A/23 D.N Dube Rd, Ratan Nagar,Dahisar(E) Mumbai - 68, 9321361110
**Bhayander** - PJM,10/B, Sarvodaya Apt,Narayan Nagar cross Rd,Nr Sudama Tower Jain temple,Bhayander(W), Thane - 401101, Phone : 9029521000

BOOTH REGISTRATIONS
OPENS ON 4TH JULY AND CLOSES ON 19TH JULY

REGISTRATION LINKhttps://bit.ly/pjmtradefair2026

# વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.

## શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ







**Rs. 25+6.5 = 31.5 Lc  બે ભાગમાં સયુંક્ત લાભાર્થી :**

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે
બીજા ભાગના લાભાર્થીનું નામ લેવાનું બાકી છે,
જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
આ સ્કીમમાં પાર્શ્વયક્ષ ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે.

**Rs. 30 Lc  એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc  એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

| | |
|---|---|
| **Rs. 2.25 Cr** | ડાઈનીંગ હોલ |
| **Rs. 1.50 Cr** | Grand એન્ટ્રન્સ લોબી |
| **Rs. 1.25 Cr** | ક્રિકેટ ગ્રાઉન્ડ |
| **Rs. 1.25 Cr** | લેન્ડસ્કેપ એરિયા |
| **Rs. 1.25 Cr** | હોલ (૨૦૦ વ્યક્તિ માટે) |
| **Rs. 63 Lc** | હોલ (૧૦૦ વ્યક્તિ માટે) |
| **Rs. 30 Lc** | વ્યૂવિંગ ગેલેરી |

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે


**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ •  શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ

શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી) હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  - શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ
  - શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ,
  શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા - શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા - શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી - શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) - એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી,
  સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી - મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રીમતી શીલાબેન દિપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

## પ્રસંગ પરિમલ

### ગોંડલ નરેશની પ્રજાપરસ્તી

ઈ.સ. ૧૯૦૧ની આસપાસના સમયની વાત છે.

ગોખલે અને તિલક બન્ને જાણીતા સ્વાતંત્ર્યવીરોએ પુનામાં એક કોલેજ કરવાનું વિચાર્યું. ફંડફાળા માટે દેશી રજવાડાઓને ત્યાં જવાનું નક્કી કર્યું.

ભાવનગરના મહારાજાએ પાંચ હજાર ફાળામાં લખાવ્યા. જામનગર જતાં વચ્ચે ગોંડલ આવે. તિલક કહે: ''ગોંડલ પણ જોઈએ,'' ગોખલે કહે; ''સમય બગડશે, ગોંડલના રાજાની છાપ કંજૂસ તરીકેની છે.''

છતાં બન્ને ભગવતસિંહ પાસે પહોંચ્યા,

વાત સાંભળીને ભગવતસિંહે કહ્યું; ''લેખિત અરજી આપો'' અરજીમાં ગોંડલ સરકારની ૧ રૂ.ની ટિકિટ ચોડવી ફરજિયાત હતી.

લેખિત અરજી વાંચ્યા પછી ભગવતસિંહે પૂછ્યું : ''કાઠિયાવાડમાંથી તમારું કેટલા ફંડફાળાનું લક્ષ્યાંક છે ?''

''પાત્રીસ હજાર... એમાં પાંચ હજાર આવ્યા છે.''

''હું ત્રીસ હજાર આપું પણ એક શરતે.''

આપની શરત અમને મંજૂર છે. બન્ને ત્રીસ હજારના આંકડા સાંભળી આનંદમાં આવી ગયા.

''અમારા ગોંડલના બે વિદ્યાર્થીને તમારી કોલેજમાં દર વર્ષે પ્રવેશ આપવો અને એમને રહેવા જવાની વ્યવસ્થા કરવી.'' ભગવતસિંહે શરત મૂકી. ''ભલે, અમને મંજૂર છે.''

એ બાબત લેખિત લઈને ગોંડલ નરેશે ત્રીસ હજાર આપ્યા. થોડા સમયમાં ફર્ગ્યુસન કોલેજ શરૂ થઈ ગઈ.

સેવાભાવી પ્રોફેસરો મળતા શિક્ષણ જગતમાં એનો ડંકો વાગવા લાગ્યો.

ત્રીસ વરસમાં તો આ કોલેજમાં દાખલ થવા માટે ભારે પડા પડી થતી. ઊંચા માર્ક્સવાળા જ પ્રવેશી શકતા. પણ ગોંડલના વિદ્યાર્થીને તો નીચા માર્સે પણ લેવા પડતા.

ફર્ગ્યુસનના પ્રિન્સિપાલે ગોંડલ નરેશને પત્ર લખ્યો, આપના ત્રીસ હજારના બદલે અમે લાખ પાછા આપીએ પણ આ બે વિદ્યાર્થીને પ્રવેશ અને રહેવા- જમવાની શરત દૂર કરો.

ભગવતસિંહે જણાવ્યું; ''રકમ પ્રજાની છે, હું તો ટ્રસ્ટી છું. પ્રજાની હિતકારી શરતો દૂર ન કરી શકાય.''

ફર્ગ્યુસનના પ્રિન્સિપાલે જવાબ વાંચ્યો ત્યારે એને થયું કે વાહ! ભગવતસિંહની દીર્ઘદ્રષ્ટિ અને પ્રજાકલ્યાણની નીતિ!

- અસ્તુ -


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

- મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,૦૦૦/–
- મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,૦૦૦/–
- સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
- ભોજન ખંડમાં ફોટો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,૦૦૦/– • દૈનિક ભક્તિ રૂા. ૫,૦૦૦/–

• સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન • સાધર્મિક ભક્તિ • મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

**સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

## સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી



શ્રીમતી સોનલબેન મુકેશભાઈ શાહ
શાંતિનાથની પોળ



શ્રીમતી ગુંજનબેન એશાનભાઈ શાહ
શાંતિનાથની પોળ



શ્રી ક્રિવા રોહનભાઈ શાહ
શાંતિનાથની પોળ



શ્રીમતી જીતાબેન રજનીકાંત ઝવેરી
કનાસાનો પાડો

**ભુલ સુધાર :** ગત અંકમાં પાના નં. ૨૩માં (૧) શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરીનો મહોલ્લો ખડાખોટડીનો પાડોને બદલે કુંભારીયા પાડો છે.
(૨) શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર ઝવેરીને બદલે શાહ છે.

## સમૃદ્ધ પાટણ સમાજની મેડિકલ યોજના

### -: રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

